અનુસુચિત જાતિની વિકલાંગ વિધવા બહેનોના મકાન બાંધકામ માટે રૂ/-૪૦,૦૦૦/- મકાન સહાય આપવાની યોજનાને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક :-અપગ/૧૦૨૦૦૭/ન.બા.૨૨/છ-૧
સચિવાલય,ગાંધીનગર
તારીખ :- /૩/૨૦૦૮

વંચાણે લીધા :- 31 MAR 2008

(૧)નિયામક,સમાજ સુરક્ષા ખાતાનો તા.૧૧/૩/૨૦૦૮નો પત્ર ક્ર.યજન/નબા/૦૭-૦૮/૮૮

આમુખ :-

અનુસુચિત જાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ની અનુસુચિત જાતિની વિકલાંગ વિધવા બહેનોના મકાન બાંધકામ માટે રૂ/-૪૦,૦૦૦/- મકાન સહાય આપવાની યોજના માટે સન ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં રૂ!-૨૦,૦૦,૦૦૦/-ના ખર્ચની જોગવાઇ મેળવવાની દરખાસ્તની નવી બાબતને મંજૂરી મળતાં નિયામક કચેરી દ્વારા સંદર્ભ (૧)આગળ દર્શાવેલ પત્રથી બાબતને વહીવટી મંજૂરી આપવા વિનંતી કરી છે.જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી..

પુખ્ત વિચારનાને અંતે અનુસુચિત જાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ની વિકલાંગ વિધવા બહેનોના મકાન બાંધકામ માટે રૂ/-૪૦,૦૦૦/- મકાન સહાય આપવાની યોજના માટે રૂ!-રૂ!.૨૦,૦૦,૦૦૦/-ના ખર્ચની સન ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષની બજેત જોગવાઇને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ યોજનાના ઠરાવની મૂળ શરતો /જોગવાઇ યથાવત રહેશે અને આ અંગેનો કોઇ વધારાનો ખર્ચ મળવાપાત્ર થશે નહી.

(૪) આ યોજના અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૦૮ થી કરવાનો રહેશે.

(૫) આ યોજનાનો લાભ ફક્ત અનુસુચિત જાતિની વિકલાંગ વિધવા મહિલાઓને મળવા પાત્ર થશે.સાથે સાથે ભારત સરકાર કે રાજ્ય સરકારની મકાન સહાયની અન્ય યોજનાનો લાભ મળેલ હશે તેને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે નહી.

૧૪૨

આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષના અંદાજ પત્ર સદર માંગણી નં.૯૫, -૨૨૩૫ -સામાજીક સુરક્ષા અને કલ્યાણ, ૦૨-સમાજ કલ્યાણ, -૧૦૧-વિકલાંગોનું કલ્યાણ-૦૨-એસ.સી.ડબલ્યુ.-૮ વિકલાંગ/કલ્યાણ યોજના આર્થિક સહાય(ગ) અન્યને હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ મંજુર થયેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૫/૩/૨૦૦૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( જયદીપ દ્વિવેદી )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

મા.મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતા મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
શાખા ફાઇલ

નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.

Nayana Pandya

- SOPHશ્રી
- A.O(II)શ્રી



૧૬૨